જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૦/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૪૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૩,૫૧,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૮,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યકિતની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૮/૨૦૨૨**

**ઓઢવઃ** પ્રભદાસ બાપુરાજ નાયક (રહે. યામિની પાર્ક નટરાજ સ્કુલ પાછળ અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૧/૦૦ થી સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ ઇશ્વર એસ્ટેડમાં આવેલ દુકાન નં-૩ “મહાકાળી સ્ટોર” નામની દુકાનની પાછળના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ સિગરેટના પેકેટ, ડી.વી.આર અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૩,૬૨૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૯/૨૦૨૨**

**સેટેલાઇટઃ** સુનિલકુમાર જગદિશપ્રસાદ મહેશ્વરી (રહે. ઇન્દ્રપ્રસ્થ ગુલમોહર આઇ.ટી.સી નર્મદા કેશવબાગ પાસે વસ્ત્રાપુર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગે સેટેલાઇટ શિવરંજની ચાર રસ્તા પાસે બાટાના શો રૂમ સામે પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી કારમાંથી અજાણી વ્યક્તિ એપ્પલ કંપની મેક બુક પ્રો મોડેલનુ સિલ્વર કલરનુ લેપટોપ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તેમજ સાહેદની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, હાર્ડ ડિસ્ક અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**સરખેજ**: કુલદિપસિંહ ધીરૂભા વાઘેલા (રહે. આશા સોસાયટી સાણંદ જી-અમદાવાદ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગે સરખેજ બ્રીજ પાસે સાબર હોટલની બાજુમાં મિલન કોમ્પલેક્ષ આગળ પાર્કીંગમા પાર્ક કરેલ પોતાની એકટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૬,૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**નવરંગપુરા**: મહેશભાઇ કસ્તુરભાઇ પટેલ (રહે. પદમાવતી રેસીડેન્સી મણિપુર ગામ ધુમા રોડ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા આશ્રમ રોડ ઇન્કમટેક્ષ આયકર ભવન સામે બ્રિજ નીચે પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી કારમાંથી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૮૫૦/૨૦૨૨

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન**: શૈલેષ દતા ખરાટે (ઉ.વ.૨૫) (રહે. સત્યેશ રેસીડન્સી શાંતિપુરા સર્કલની બાજુમાં સાણંદ રોડ અમદાવાદ) તા.૧૨/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સરખેજ એસ.પી.રીંગ રોડ શાંતિપુરા સર્કલ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેલર નંબર જીજે ૧૮ એએક્સ ૫૩૨૫ ના ચાલકે ટ્રેલર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા શૈલેષને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને બોપલ ખાતે સરસ્વતી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર શૈલેષના મિત્ર અક્ષય નારાયણ ગોલે (રહે. વંશ પી.જી.ત્રિવેણી ટ્વીન્સ સાયન્સ સીટી સોલા) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૫૧/૨૦૨૨

**રિવરફ્રંટ વેસ્ટ**: (૧) અશ્વિનભાઇ પરસોતમભાઇ સોલંકી (ઉ.વ.૨૭) (રહે. કૃષ્ણધામ વિભાગ-૧ સલાપસ ક્રોસીંગ પાસે વેજલપુર) અને (૨) રંજનાબહેન દલપતભાઇ દલસાણીયા (ઉ.વ.૨૧) (રહે. યમુના એપાર્ટ્મેન્ટ રાજીવનગર સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૬/૪૦ વાગ્યા પહેલા બંનેએ સરદારબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૧૧ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**મણીનગરઃ** દિપકભાઇ ચિમનભાઇ સોલંકી (ઉ.વ.૪૩) (રહે. જાગેશ્વરી સોસાયટી વિભાગ-ર કાશિવિશ્વનાથ સોસાયટી-ર પાસે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૨ બપોરના ૪/30 વાગ્યાના સુમારે રેલ્વે ડાઉન લાઇન નં-૩૦૮ ના થાભલા નં-૪૯૧/૨૨ થી ૪૯૧/૨૨/એ વચ્ચે રેલવે ટ્રેક ઉપર ટ્રેઈન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**વટવાઃ** શ્રધ્ધાબહેન ડો/ઓ હરેશભાઇ પુરબીયા (ઉ.વ.૨૩) (રહે. કુશાલ આવાસ ધનલક્ષ્મી સોસાયટી પાછળ વટવા) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી